ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૨૫ ટકા

# શહેરમાં સ્વૈચ્છિક કરફ્યુનો માહોલ

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં વધતા કોરોના સંક્રમણ વચ્ચે સ્વૈચ્છિક કરફ્યુનો માહોલ જોવા મળી રહ્યો છે. શનિવારે મોટાભાગની દુકાનો બંધ રહી છે. સરકારી કચેરીઓ તો શનિવારની રજામાં સંપૂર્ણ બંધ રહેલા શહેરમાં સ્વૈચ્છિક કરફ્યુનો માહોલ જોવા મળી રહ્યો છે.

કોરોનાનો કાળો કેર વર્તાયો છે વસાહતીઓમાં કોરોના ખૂબ ફેલાયો છે. અમદાવાદમાં વધી રહેલા કેસોની સીધી અસર ગાંધીનગરમાં જોવા મળી રહી છે. દરરોજ સૌથી વધુ દર્દીઓ મળી રહ્યાં છે જેના કારણે વધુ ભયાવહ માહોલ સર્જાયો છે. વધતાં સંક્રમણનો પગલે શહેરના વસાહતીઓ ઘરની બહાર નીકળતા અચકાઈ રહ્યાં છે ખૂબ જ જરૂરી હોય તો જ તેઓ ઘરની બહાર નીકળે છે શનિવારની રજા દરમ્યાન તો જાણે શહેરમાં સ્વૈચ્છિક લોકડાઉન અને કરફ્યુનો માહોલ જોવા મળ્યો





હતો. સરકારી કચેરીઓમાં શનિવારે રજા જાહેર કરી દેવાઈ હોવાથી તમામ સરકારી કચેરીઓ બંધ રહી હતી. બેંકો ચાલુ હતી પરંતુ ત્યાં પણ પાંખી હાજરી જોવા મળી હતી. લોકોએ બેંકોમાં આવવાનું પણ ટાળ્યું હતું.

ખાણી પીણીની લારીઓ, નાના ફૂડસ્ટોલ બંધ રહ્યાં હતા. હોટલો - રેસ્ટોરન્ટને તો જાણે તાળાં મારવા પડે તેવી સ્થિતિ છે. શનિવારની રજામાં શહેરના ઘણાં શોપિંગ સેન્ટરો બંધ રહ્યાં હતા. વેપારીઓએ બે દિવસનો લોકડાઉનનો અમલ કર્યો છે. સેક્ટર-૨૧ અને સ્કેટર-૨૨ ના શોપીંગ સેન્ટરો બંધ રહ્યાં હતા. માત્ર જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની દાકાનો ખુલ્લી રહી હતી. બજારોમાં તો ભીડ સાવ ઓછી જ રહી હતી. સાથે જ માર્ગો પણ ખૂબ જ ઓછો ટ્રાફિક રહ્યો હતો. સામાન્ય દિવસો કરતાં ૭૦ ટકા જેટલો ટ્રાફિક ઓછો રહ્યો હતો. શહેરમાં સ્વૈચ્છિક લોકડાઉન અને કરફ્યુનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ક-૫ પાસે નકલી પોલીસ બની ૨૮ લાખ લઈ ૪ શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૧૭

ભાટ સર્કલ પાસે જય ભવાની વડાપાઉંની દુકાન ધરાવતા વેપારી સાથે રૂ.૨૮ લાખની છેતરપિંડી થઈ છે. ૪ અજાણ્યા શખ્સોએ વેપારીને ટ્રસ્ટની નાની નોટોના બદલામાં મોટી નોટો આપવાની વાત કરી હતી. તે ઉપરાંત તેના બદલામાં ૩૦ ટકા કમિશનની લાલચ આપી હતી. ત્યારબાદ વેપારી તેના કાકાના દિકરા સાથે રૂપીયા ૨૮ લાખ લઈને ગાંધીનગરના ક-૫ પાસે આવ્યા હતા. તે અરસામાં સરકારી ગાડી નં. જી.જે.૧૮.જી.૫૪ માં કથિત પોલીસ જેવા દેખાતા અને વર્તનવાળા ચાર વ્યકિત આવ્યા હતા. જેમાં એક વ્યકિત પાસે પોલીસ જેવી રીવોલ્વર પણ હતી. ત્યારબાદ વેપારીને લાફા મારી સરકારી ગાડીમાં બેસાડી તેની પાસે રહેલા રોકડા રૂ.૨૮ લાખ અને રૂ.૨૫ હજારનો મોબાઈલ પણ લઈ વેપારીને રસ્તામાં ઉતારી ઠગ ટોળકીના સભ્યો ભાગી ગયા હતા. વેપારીએ સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૨૮ લાખ લઈ નાસી જનાર શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ મહેસાણા જિલ્લાના નંદાસણ ગામના વિપુલકુમાર બળદેવભાઈ પટેલ (ઉં.૩૯) ભાટ સર્કલ પાસે જય ભવાની વડાપાઉં નામની ખાણીપીણીની દુકાન ધરાવે છે. વિપુલભાઈનો મિત્ર જતીનભાઈ માધવભાઈ પટેલ (બોરીસણા કલોલ) તેમને પખવાડીયા પહેલા મળવા માટે આવ્યો હતો. જતીને તેના કૌંટુબીક સાળા સોનુ હરેશભાઈ પટેલ (રહે. નરોડા મુળ કરશનપુરા મહેસાણા) પાસે ટ્રસ્ટના પૈસા હોવાની વાત કરી હતી. જેમાં ટ્રસ્ટની નાની નોટોના બદલામાં મોટી નોટો આપવાની અને તેના બદલામાં ૩૦ ટકા કમિશનની પણ વાત થઈ હતી. ત્યારબાદ સોનુ પટેલ ગત તા.૮ એપ્રિલના રોજ બે વ્યકિત સાથે દુકાન પર ગયો હતો. તેમની ઓળખાણ ટ્રસ્ટના કાર્યકર્તાઓ તરીકે આપી હતી. ત્યારબાદ સોનુ પટેલ પૈસાની વ્યવસ્થા થઈ કે નહી તેની પુછપરછ કરતો હતો. જેને પગલે લોભામણી લાલચમાં આવી ગયેલા વિપુલકુમારે પોતાના ભાગીદાર સુનિલકુમાર પટેલ (રહે.સોખડા વિજાપુર મહેસાણા )ને વાત કરી હતી. તેઓએ પણ ઈચ્છા દર્શાવી હતી. જેને પગલે વિપુલકુમાર પોતાના રૂ.૧૮ લાખ અને ભાગીદારના સુનિલ પટેલ ના રૂ.૧૦ લાખ લઈને શુક્રવાના રોજ સાંજે ગાંધીનગર આવ્યા હતા. તેઓ ફોન કરતા સોનું તેમને ક-૫ સર્કલ પાસે મળ્યો હતો. જેને ટ્રસ્ટના વ્યકિતઓને રૂપીયા બતાવી દઈએ કહી ગાડી સેકટર-૨૫ જીઆઈડીસીના ગેટની અંદર લેવડાવી હતી. સોનુ એ વિડીયોકોલ કરીને રૂપીયા આવી ગયા હોવાનું જણાવ્યું હતું. સોનુના કોલ બાદ બે-ત્રણ મિનિટમાં જ તેમની ગાડી પાસે પોલીસની સરકારી ગાડી આવીને ઉભી રહી હતી. જેમાં ડ્રાઈવર સિવાય ખાનગી કપડામાં ઉતરેલા ત્રણ શખ્સો પોલીસ જેવા લાગતા હતા. તેઓ ગાડી ચેક કરવા લાગતા સુનિલભાઈએ કેમ ગાડી ચેક કરો છો તેમ પુછતા તેઓએ પોતાની ઓળક ક્રાઈમબ્રાંચ તરીકે આપી હતી. કમર પર રિવોલ્વર ભરાવેલા શખ્સે સોનુ સામે જોઈને આ તો પેલો જ છે તેને પોલીસ કયારની શોધે છે. જેને પગલે સોનુંએ કથિત પોલીસવાળાઓને કારમાં પડેલા રૂપીયા લઈ લો પરંતુ અમને છોડી દો કહ્યું હતું. કથિત પોલીસે સોનુંને ત્રણ ચાર લાફા ઝીંકી દઈને ગાડીમાં બેસાડી દીધો હતો અને રૂપીયા પણ લઈ લીધા હતા.જેથી વેપારીએ પોતાની માલિકીના છે તેમ કહેતા કથિત પોલીસે વેપારીને પણ લાફા મારીને ગાડીમા બેસાડી દીધા હતા.ત્યારબાદ બાંનેના મોબાઈલ ફોન પણ લઈ લીધા હતા. સુનિલભાઈએ પ્રશ્નો કરતા તેમણે જે કહેવુ હોય તે પોલીસ મથકે આવીને કરવાની વાત કરી હતી.ત્યારબાદ તેઓ ક-૫, ક-૬ થઈ ખ-૬ તરફ ગાડી જવા દીધી હતી. સુનિલભાઈ ગાડી લઈને પાછળ આવતા હોવાથી ગાડી ઉભી રાખી કથિત પોલીસવાળા નીચે ઉતરીને વિપુલભાઈને નીચે ઉતાર્યા હતા. સુનિલ પટેલે તે વ્યકિતનુ નામ પુછતા તેણે વિજય પટેલ ક્રાઈમબ્રાંચ હોવાનું જણાવ્યું હતું. સોનું એ મને જે કરવુ હોય તે કરો પણ સુનિલભાઈને જવા દો તેમ કહેતા કથિત પોલીસે તેમને ભાગીદારની ગાડીમાં પોલીસ મથકે આવી જવા માટે જણાવ્યુ હતું.ત્યારબાદ કથિત પોલીસ સોનુ અને પૈસા લઈને નીકળી ગયા હતા. વેપારીઓએ ગાડીનો પીછો કર્યો હતો.પરંતુ તએઓએ ફુલ સ્પીડમાં ગાડી દોડાવી મુકી હતી. વેપારીએ પૂર્વયોજીત કાવતરુ હોવની શંકા વ્યકત કરી છે. સેકટર-૨૧ પોલીસ મથકે મિત્ર જતીન પટેલ, સોનુ પટેલ, ટ્રસ્ટના બે કાર્યકર્તા, વિજય પટેલ, સહિત ચાર કથિત પોલીસ સામે બનાવ અંગે ગુનો નોંધાયો છે. જયારે આરોપીઓ રૂ.૨૮ લાખ રોકડા અને વેપારીનો રૂ.૨૫ હજારનો મોબાઈલ ફોન લઈ ગાયબ થઈ ગયા છે. ત્યારે તેઓને પકડી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. દવે ધીરજલાલ જીવાભાઈ,** ઉ.વ. ૬૫, રાંધેજા
- **સ્વ. મદનલાલ કિશોરીલાલ,** ઉ.વ. ૫૧, સેક્ટર-૧૩
- **સ્વ. ભારતી શંકરભાઈ નાનુભાઈ,** ઉ.વ. ૬૮, સેક્ટર-૨૦
- **સ્વ. સલાટ લક્ષ્મીબેન જીવણભાઈ,** ઉ.વ. ૭૯, સેક્ટર-૧૪
- **સ્વ. બારસોડા કુમુદીની પાન્ડુરંગ,** ઉ.વ. ૮૨, સેક્ટર-૨૧
- **સ્વ. નાયર હાર્દિક રમેશચંદ્ર,** ઉ.વ. ૭૦, વેડા, માણસા
- **સ્વ. વાઘેલા બચુસિંહ ભવાનસિંહ,** ઉ.વ. ૬૫, લીંબોદરા, માણસા
- **સ્વ. ટાંક ત્રિકમલાલ જગમલ,** ઉ.વ. ૯૩, સેક્ટર-૨૩
- **સ્વ. વાઘેલા સંજયસિંહ રામાજી,** ઉ.વ. ૩૭, વાવોલ
- **સ્વ. વાઘેલા કૈલાસબેન ધર્મેન્દ્રસિંહ,** ઉ.વ. ૪૩, કોલવડા
- **સ્વ. રાઠોડ પિયુષકુમાર જીવણજી,** ઉ.વ. ૨૫, ગોજારીયા, મહેસાણા
- **સ્વ. રાવળ ભરતભાઈ ભગાભાઈ,** ઉ.વ. ૪૫, વેડા, માણસા
- **સ્વ. પુરોહિત શાંતાદેવી શ્યામચરણ,** ઉ.વ. ૭૧, અડાલજ
- **સ્વ. રાજદેવ પ્રીતીબેન ચંદ્રેશભાઈ,** ઉ.વ. ૫૭, સેક્ટર-૫
- **સ્વ. નાયી કનુભાઈ અંબાલાલ,** ઉ.વ. ૫૩, સમો, માણસા
- **સ્વ. દરજી કિરણભાઈ આત્મારામ,** ઉ.વ. ૬૨, પેથાપુર
- **સ્વ. રાણા મનીષ શ્યામભાઈ,** ઉ.વ. ૩૩, પાલજ
- **સ્વ. ચૌહાણ બબુબેન રમણજી,** ઉ.વ. ૬૧, ઈન્દ્રોડા
- **સ્વ. ઠાકોર રાણાજી મગનજી,** ઉ.વ. ૬૫, સે.૧૫, ફતેપુરા
- **સ્વ. દંતાણી ચંપાબેન ગોવિંદભાઈ,** ઉ.વ. ૭૨, સે.૧૭, છાપરાં
- **સ્વ. નાયી સંજયભાઈ નરેન્દ્રભાઈ,** ઉ.વ. ૪૨, રાજપુરગામ, કડી
- **સ્વ. રબારી ગોવાભાઈ રામાભાઈ,** ઉ.વ. ૭૧, ચંદ્રાલા
- **સ્વ. ચૌધરી ધેમરભાઈ હાથીભાઈ,** ઉ.વ. ૬૨, ખાટાઆંબા, માણસા
- **સ્વ. પ્રજાપતિ મંજુલાબેન જગદીશભાઈ,** ઉ.વ. ૬૫, જમીયતપુરા
- **સ્વ. બારોટ રાજેશભાઈ અમૃતભાઈ,** ઉ.વ. ૬૧, પાનસર, કલોલ
- **સ્વ. સરચંદે જીવીબેન અમૃતલાલ,** ઉ.વ. ૮૦, સેક્ટર-૩
- **સ્વ. વાઘેલા મુક્તા પ્રાણલાલ,** ઉ.વ. ૭૫, સરગાસણ
- **સ્વ. મિસ્ત્રી મનોજકુમાર જીતલાલ,** ઉ.વ. ૫૧, ચાંદખેડા, અમદાવાદ
- **સ્વ. અત્યંજ છગનભાઈ બબાભાઈ,** ઉ.વ. ૮૪, સેક્ટર-૩
- **સ્વ. રાજેન્દ્રરાય હજારીલાલ,** ઉ.વ. ૫૦, કલોલ
- **સ્વ. ચૌધરી પુરીબેન ડાહ્યાભાઈ,** ઉ.વ. ૬૦, ફતેહપુરા, માણસા
- **સ્વ. પરમાર ગણપતભાઈ કાળીદાસ,** ઉ.વ. ૫૧, પેથાપુર
- **સ્વ. રાવળ કોકિલાબેન શકરાભાઈ,** ઉ.વ. ૪૫, પોર
- **સ્વ. જોખી પાર્થ રમેશચંદ્ર,** ઉ.વ. ૫૫, સેક્ટર-૨૮
- **સ્વ. ચૌધરી કેશવલાલ વેરાજી,** ઉ.વ. ૬૦, આમજા, માણસા
- **સ્વ. ઠાકોર શાંતાબેન લલાજી,** ઉ.વ. ૬૫, ફતેપુરા, સે.૧૫
- **સ્વ. પટેલ મહેન્દ્રભાઈ કેશવલાલ,** ઉ.વ. ૫૭, કોબા
- **સ્વ. પટેલ ચંપાબેન ચંદુભાઈ,** ઉ.વ. ૮૫, સેક્ટર-૩
- **સ્વ. વોરા ખોડીદાસ મુળજીભાઈ,** ઉ.વ. ૮૧, સેક્ટર-૫
- **સ્વ. બારોટ ખીમજીભાઈ ભાણાભાઈ,** ઉ.વ. ૯૦, સેક્ટર-૩
- **સ્વ. દંતાણી ગંગાબેન ઈશ્વરભાઈ,** ઉ.વ. ૮૦, સે.૧૧, છાપરાં
- **સ્વ. પટેલ ડાહીબેન વિઠ્ઠલભાઈ,** ઉ.વ. ૭૦, સેક્ટર-૨૬
- **સ્વ. ચૌધરી બાબુભાઈ લાલાભાઈ,** ઉ.વ. ૬૫, બાપુપુરા, માણસા
- **સ્વ. ત્રિવેદી મુકેશકુમાર નટવરલાલ,** ઉ.વ. ૪૫, સેક્ટર-૪
- **સ્વ. મકવાણા કિરીટકુમાર હરીભાઈ,** ઉ.વ. ૩૫, જીઆઈડીસી, સે.૨૫
- **સ્વ. ઠાકોર જડીબેન રામાજી,** ઉ.વ. ૫૫, બિલમણા, દહેગામ
- **સ્વ. ગોહિલ લાલસિંહ નાથુસિંહ,** ઉ.વ. ૬૨, મુલસણ
- **સ્વ. રાઠોડ મનહરબા ઘનશ્યામસિંહ,** ઉ.વ. ૬૩, રાણીપ, અમદાવાદ
- **સ્વ. બારડ મંગુબેન રામાભાઈ,** ઉ.વ. ૬૫, ઈન્દ્રોડા
- **સ્વ. શર્મા હંસાબેન રામભાઈ,** ઉ.વ. ૬૬, દહેગામ
- **સ્વ. પટેલ મંગુબેન કાળાભાઈ,** ઉ.વ. ૮૦, મોતીપુરા, સાદરા
- **સ્વ. સોલંકી અમરબા ઘનશ્યામસિંહ,** ઉ.વ. ૬૫, પેથાપુર
- **સ્વ. રાણા રંજનબેન ધરમસિંહ,** ઉ.વ. ૪૫, ધણપ
- **સ્વ. દેસાઈ રામભાઈ વશરામભાઈ,** ઉ.વ. ૭૫, સેક્ટર-૨૬
- **સ્વ. પટેલ કનૈયાલાલ બચુભાઈ,** ઉ.વ. ૬૦, મનીપુર, કડી
- **સ્વ. પરમાર સવિતાબેન દિનેશભાઈ,** ઉ.વ. ૫૨, માણસા
- **સ્વ. મારવાડી નિતાબેન ગૌતમભાઈ,** ઉ.વ. ૪૪, રાજકોટ
- **સ્વ. પટેલ કરશનભાઈ હરગોવનદાસ,** ઉ.વ. ૬૯, રામપુરા, માણસા
- **સ્વ. દરજી નટવરલાલ રતિલાલ,** ઉ.વ. ૮૩, સેક્ટર-૨૭
- **સ્વ. શ્રીમાળી રમીલાબેન રમણલાલ,** ઉ.વ. ૭૦, સેક્ટર-૭
- **સ્વ. બિહોલા તખુબેન જગુજી,** ઉ.વ. ૭૩, રતનપુર, લવારપુર
- **સ્વ. પટેલ કનૈયાલાલ સોમનાથ,** ઉ.વ. ૬૫, સોલા, અમદાવાદ
- **સ્વ. ખખ્ખર ચિંતન હર્ષદરાય,** ઉ.વ. ૩૪, સરગાસણ
- **સ્વ. ઓજા કુલજાની રમેશચંદ્રપ્રકાશ,** ઉ.વ. ૪૬, પેથાપુર
- **સ્વ. પાંડુવાલ રાધાકૃષ્ણન,** ઉ.વ. ૭૮, પેથાપુર
- **સ્વ. પટેલ બચુભાઈ શીવાભાઈ,** ઉ.વ. ૮૦, સેક્ટર-૧૪
- **સ્વ. લીમ્બાચીયા મહેશકુમાર ગોવિંદભાઈ,** ઉ.વ. ૫૯, ગોજારીયા
- **સ્વ. ચૌધરી જોઈતીબેન લક્ષ્મણજી,** ઉ.વ. ૭૮, લિમ્બોદરા, માણસા

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. ચૌહાણ હર્ષદભાઈ કાલીદાસ,** ઉ.વ. ૬૦, સેક્ટર-૪
- **સ્વ. વાઘેલા અનુબા સતુજી,** ઉ.વ. ૬૦, સરગાસણ
- **સ્વ. પરમાર કિરીટકુમાર સોમાભાઈ,** ઉ.વ. ૪૦, સેક્ટર-૪
- **સ્વ. વાઘેલા કૈલાસબેન પ્રવિણસિંહ,** ઉ.વ. ૫૬, સરગાસણ
- **સ્વ. મહેતા પુજા કમલેશભાઈ,** ઉ.વ. ૩૦, સેક્ટર-૩
- **સ્વ. ભટ્ટ રજનીકાન્ત રસિકલાલ,** ઉ.વ. ૮૨, સેક્ટર-૩
- **સ્વ. પ્રજાપતિ પ્રવિણકુમાર કેશવલાલ,** ઉ.વ. ૮૦, સેક્ટર-૩
- **સ્વ. શુક્લ પ્રભાબેન,** ઉ.વ. ૭૪, સેક્ટર-૨

# પ્રજાના પરસેવાના પૈસાનું પાણી કરતાં ઢંગધડા વગરના વિકાસ કાર્યો

ગાંધીનગરમાં જ્યારથી સેક્ટરોના આંતરિક માર્ગો પહોળા કરવાનું કાર્ય હાથ ધરાયું છે ત્યારથી કોઈને કોઈ મુશ્કેલીઓ આ કાર્યના માર્ગ આડે આવી રહી છે. હજુ આંતરિક માર્ગો પહોળા કરવા કાઢવામાં આવી રહેલાં લીલા છમ્મ વૃક્ષોના નિકંદનનો વિવાદ તો ઓસર્યો નથી ત્યાં સેક્ટર-૧૭ માં બીજી એક સમસ્યા સર્જાવા પામી. સેક્ટર-૧૭ માં એક્ઝીબીશન સેન્ટર અને હનુમાનજી મંદિર વચ્ચેથી પસાર થતાં આંતરિક માર્ગ પર રોડ પહોળો કરવાના ચાલી રહેલાં કાર્યમાં ખોદકામ દરમ્યાન જેસીબી મશીનનો પાવડો પાણીની પાઈપલાઈન સાથે ટકરાતાં તુટી ગયેલી પાઈપલાઈનમાંથી સેંકડો લીટર પાણીનો વ્યય થવા પામ્યો છે. આ ઘટના તંત્રના બે વિભાગો વચ્ચેના તાલમેલના અભાવ અને ઢંગધડા વગરના આયોજન સાથે ઠોકી બેસાડેલા વિકાસ કાર્યોએ આ રીતે માત્ર "પ્રજાના પરસેવાના પૈસાનું પાણી" કરવા જેવા જ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.





ચોતરફ કોરોના મહામારીનો કાળો કેર વર્તાઈ રહ્યો છે પરંતુ નાગરિકો આ મહામારી સામે લડત આપવામાં પાછી પાની નથી કરી રહ્યાં. કોરોનાની પ્રથમ લહેર વખતે અસરકારક રહેલ આયુર્વેદિક ઉકાળાનું શસ્ત્ર હવે બીજી લહેરમાં પણ ઉગામવામાં આવી રહ્યું છે. શહેરમાં ચૂંટણીઓ તો મોકુફ રહી છે પરંતુ કોંગ્રેસી કાર્યકર ઉર્પલ જોષી દ્વારા કોરોના સંક્રમણ સામે લોકહિતને ધ્યાનમાં રાખીને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કાર્ય હાથ ધર્યુ હતુ.

# ચિલોડા પાસે અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો

## મૃતદેહ ઈજાગ્રસ્ત હોવાથી પોલીસે પીએમ અર્થે મોકલી આપ્યો હતો

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા પાસે અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો છે. ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળી આવતા કોઈ વાહનની ટક્કરથી મૃત્યુ થયુ હોવાનુ લાગી રહ્યું છે. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ટાટા શો રૂમની બહારની બાજુ એ એક પુરૂષનો મૃતદેહ પડ્યો હોવાની જાણ ચિલોડા પોલીસને થઈ હતી. પોલીસે ઘટના સ્થળે જઈ તપાસ કરતા મૃતક પુરૂષની ઉંમર અંદાજીત ૩૫ વર્ષની અંદાજીત લાગી રહી હતી. મૃતદેહ ઈજાગ્રસ્ત હોવાથી પોલીસે પીએમ અર્થે મોકલી આપ્યો હતો.જયારે હાઈ વે પર કોઈ અજાણ્યા વાહનની ટક્કરે મૃત્યુ થયુ હોવાનું પ્રાથમિક તારણ મુજબ લાગી રહ્યું છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચૌદ દિવસ પહેલા જ કોરોના નેગેટીવ આવે છતાંય કવોરન્ટીન રહેવું : ડૉ. કલ્પેશ ગોસ્વામી

## બેદરકાર બનશું તો કોરોનાને કયારેય ભગાડી નહી શકીએ કે ગાંધીનગરને કોરોના મુકત કરતા સમય લાગી જશે

ગાંધીનગર, તા.૧૭

એક વર્ષથી વધુ સમય થઈ ગયો હોવા છતાં કોરોનાની પરિસ્થિતિમાં સુધારો લાવી શકાયો નથી જેનું મુખ્ય કારણ કહી શકાય શહેરીજનો દ્વારા દાખવવામાં આવતી બેદરકારી. ઘણા દિવસથી એ જોવામાં આવ્યું છે કે કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યાના પાંચ કે છ દિવસમાં જ કોરોનાના દર્દી ટેસ્ટ ફરીથી કરાવે અને જો એ નેગેટિવ આવે તો ૧૪ દિવસ આઈસોલેટેડ રહેવાની જગ્યાએ ઘરની બહાર ફરતા થઈ જાય છે જે નિયમ વિરૂધ્ધ છે. જયારે ઘરના એક વ્યકિતને કોરોના આવ્યો છે અને તેને આઈસોલેટ કરાયા છે તો તે નિયમ પ્રમાણે ૧૪ દિવસ ઘરે જ આઈસોલેટેડ રહે તે અગત્યનું છે ઘરની બહાર જઈને પોતાની જ તબિયત તેઓ બગાડી રહ્યા છે.

શહેરીજનો દ્વારા દાખવવામાં આવી રહેલ આ બેદરકારી વિશે વાત કરતા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેડિકલ ઓફિસર ડૉ. કલ્પેશ ગોસ્વામી જણાવે છે કે કોરોનાના દર્દીએ આમ તો એકવાર કોરોના પોઝીટીવ આવી ગયા બાદ ૧૦ દિવસ સુધી ટેસ્ટ કરાવવાની જરૂર જ નથી. ૧૦ થી ૧૪ દિવસ હોમ કવોરન્ટાઈન રહેવું ફરજિયાત છે અને આ અરસામાં જો ગમે તે રીતે ફરીવાર કોરોના ટેસ્ટ કરાવ્યા બાદ ૧૦ થી ઓછા દિવસમાં ટેસ્ટ નેગેટીવ આવી ગયો તે છતાંય દર્દીએ આઈસોલેટેડ તો રહેવું જ પડે. પોતાના પરીવાર અને પાડોશીને ચેપ ન લાગે તે વાતનું ધ્યાન રાખવાની પેશન્ટની ફરજ છે. અને ૧૪ દિવસના આઈસોલેશન બાદ કોરોના ટેસ્ટ કરાવવાની જરૂર પણ નથી. ૧૪ દિવસ બાદ આઈસોલેશન મુકત થઈ શકાય છે પરંતુ ત્યાં સુધી કોરોના પેશન્ટે પરિવારજનોના સંપર્કમાં ન આવવું કે ઘરની બહાર પણ ન નીકળવું જોઈએ.

શહેરમાં નવો ટ્રેન્ડ ચાલી રહ્યો છે અને અમુક શહેરીજન દ્વારા એ વાત ચર્ચામાં આવી રહી છે કે કોઈ ચિંતા કરવાની જરૂર નથી હું તો ૭ દિવસમાં કોરોના ટેસ્ટ કરાવી અને ઘરની બહાર નીકળી જઈશ અને ખરેખર આવું ઘણા કોરોના પેશન્ટ કરી પણ રહ્યા છે તે શું યોગ્ય છે? શું ૧૪ દિવસ કવોરન્ટાઈન આપણે ન રહી શકીએ? આ કવોરન્ટાઈનનો સમય શું આપણા અને આપણા પરિવારજનોના હિત માટે જ નથી? જો આ વાત ભૂલીને બેદરકાર બનશું તો કોરોનાને કયારેય ભગાડી નહી શકીએ કે ગાંધીનગરને કોરોના મુકત કરતા સમય લાગી જશે. ગાંધીનગર સમાચાર સમગ્ર શહેરીજનોને અપીલ કરે છે કે કોઈ પણ શહેરીજન જો કોરોનાથી ઈન્ફેકટેડ થાય તો ડરવાની જરૂર નથી. આપણે બધા એક સાથે છીએ પરંતુ દરેક કોરોના પોઝીટીવ દર્દી ઓછામાં ઓછા ૧૪ દિવસ સુધી હોમ કવોરન્ટાઈન જ રહે. આ અરસામાં ૧૪ દિવસ પહેલા રીપોર્ટ કરાવવો જ ન જોઈએ અને જો કરાવ્યો હોય અને નેગેટીવ આવે છતાંય ૧૪ દિવસ સુધી કોઈના પણ સંપર્કમાં આવવાનું ટાળવું જોઈએ.

> જે વ્યકિત કોરોના પોઝીટીવ આવે તેમણે ફરજિયાત ૧૪ દિવસ કવોરન્ટાઈન રહેવું ૧૪ દિવસ પૂર્ણ થયા પહેલા કોરોના ટેસ્ટ નેગેટીવ આવે છતાં પણ કોઈના સંપર્કમાં આવવું નહિ તેવી સર્વે શહેરીજનોને અપીલ છે.
>
> **- ડો. કલ્પેશ ગોસ્વામી**
> **મેડીકલ ઓફિસર, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન**

## જન્મદિને વધામણી



**ચિત્રસેન શાહ**
હાસ્ય લેખક
મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧



**હસમુખ મેકવાન**
નાટ્યકાર
મો. ૯૪૨૬૫ ૭૮૩૨૬



**કે કે ચૌહાણ**
મો. ૯૯૭૪૬ ૮૯૧૯૪



**ફેની ઉપેન્દ્રકુમાર શ્રીમાળી**



**હંસાબેન હરીશ પાલા**
**સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ**



**મહેન્દ્રભાઈ કે ચૌહાણ**
**સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ**



**એમ.જી.ચૌહાણ**
મો. ૯૪૨૮૦ ૪૯૫૬૦